મે.વડોદરાના ૧૬ માં એડીશનલ સિનીયર સી.જજ અને એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,
મુ.વડોદરા.

**ફોજદારી કેસ નંબરઃ–૪૧૫૫૦–૧૨**
આંક –

સરકાર **ફરિયાદી**

**વિરૂધ્ધ**

**દિક્ષીત જગદીશભાઈ પટેલ**

**આરોપી**

**ગુનોઃ– એકટની કલમ ૨૭૯,૩૩૮ મુજબ**

# –ચુકાદો–

(૧) સદર કામનું કેસ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધુ. હાલની કેસમાંની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ .....આઈ.પી.સી. નીયમોના નિયમ .........................નો ભંગ કરી ......................
.................................ની કલમ...૨૭૯,૩૩૮ ..........................હેઠળનો ગુનો આચરેલ હોય તે અંગે ફરીયાદીએ ધોરણસરની ફરીયાદ અદાલતમાં દાખલ કરતાં આરોપીને આ અદાલતે આરોપી/ઓ સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતાં અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ. આરોપીનો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતાં આરોપી સ્પેશીયલ સીડીંગ દરમ્યાન હાજર થયેલ છે. આરોપીને ભા.ફો.અ.ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

(૨) ઉપરોકત ગુન્હા અંગે આંક–..........થી ............મુજબ આરોપીની પ્લી લેતા, આરોપીઓએ તેમનો ગુન્હો કબુલ કરી,આંક–..................થી ગુન્હા અંગે લેખીતમાં કબુલાત પુરશીસ આપી જણાવેલ છે,કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. ગુન્હા બદલ તેઓને ધણો પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનને લીધે અજાણતાથી આ ગુન્હો તેમનાથી થઈ ગયેલ છે, તેથી ભવિષ્યમાં આવો ગુન્હો નહીં બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી,છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) આરોપી તરફે ઉપરોકત ગુન્હા કબુલાત પુરસીસ સ્વૈચ્છીક હોઈ તે નોંધી પરંતુ આરોપીની સદરહુ કબુલાત તેમની વિરૂધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામાં આવેલ છે તેમછતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરે છે તેવી કોર્ટે ખાતરી કરેલ છે. આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજય વિ.નટવર હરચંદજી ઠાકોર, જી.એલ.આર.

૨૦૦૫(૧) પાના નં.૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. તેમજ સદરહુ ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં.૨૧ માં જણાવેલ કારણો ધ્યાને લીધા. આ કામના આરોપી કુટુંબ

કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઇસમ છે તથા તેઓનો આ પ્રથમ ગુનો છે. આરોપીની સામાજીક તેમજ આર્થિક પરીસ્થિતીને ધ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપીત સિધ્ધાંતોને ધ્યાને લેતાં આરોપી સ્વેચ્છાએ પોતાની કબુલાત કરતા હોઈ, આરોપીની આ કબુલાત હું સ્વીકારૂ છું અને આરોપીને તેમની સામેના ગુનામાં તકશીરવાન ઠરાવુ છુ. પરંતુ આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ધ્યાને લેતા,આરોપીને યોગ્ય રકમનો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ માનું છું. જેથી ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-ઃ હુ ક મ ઃ-**

૧. આ કામના આરોપીને.........આઈ.પી.સી......................................એકટની કલમ .............૨૭૯..................................મુજબ સી.આર.પી.સી.કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવુ છું. અને સદર ગુના સબબ રૂા.૫૦૦૦/અંકે રૂપીયા પાંચ હજાર રૂપીયા નો દંડ અને કોર્ટ ઉઠતાં સુધીની સજા ફરમાવવાનો હુકમ કરૂ છું. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન.....૫....... ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ......................................નો અપીલ સમય વિત્યે નિયમનુસાર નિકાલ કરવો.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૩ - ૭ -૨૦૧૯

*(પવનકુમાર નાનકચંદ નવીન)*
*૧૬ માં એડીશનલ ચીફ*
*જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,વડોદરા.*
*CODE No. GJ00758*